

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વિવિધ યોજનાઓમાં શિક્ષકોનું શોષણ થાય છે,*
*એમાં તંત્રનાં ખાલી ખોટા અહંનું પોષણ થાય છે,*
*ભાષણ થાય છે ખોટાં ગુરુ-શિક્ષકનાં માનવંતા -*
*વગાડે ખાલી વાંસ ખાલીખોટી ઘોષણાઓ થાય છે.*
*(શિક્ષક દિનની શાનદાર ઉજવણી)*

હાઈકુ

*ચંદ્ર સંખ્યામાં*
*ખાટે છે ખોટો જશ -*
*પોતાની પીઠે*
*(વ્યક્તિગત શ્રમનો વિજય)*

*ટીમ વર્કને*
*આપવું પ્રોત્સાહન*
*ખૂબ જરૂરી -*
*(પેરા ઓલિમ્પિકના પરિણામો)*

### ચિંતન

**તત્કર્મ નિયતં કુર્યાર્ધન તુષ્ટો ભવેત્પિતા ।**
**તન્ન કુર્યાત્ પિતા યેન મનાગપિ વિષીદતિ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે
પિતા સંતુષ્ટ અને પ્રસન્ન થાય એવાં જ કામો પુત્રે કરવાં જોઈએ.
જે કરવાથી પિતાના મનમાં થોડો ઘણો પણ સંતાપ કે અસંતોષ ન થાય.

આજકાલ સંતાનોમાં વિનય-વિવેક, આજ્ઞાપાલન અને મર્યાદાનું પ્રમાણ પહેલાનાં કરતાં ઘટતું જાય છે એવી આજના વડીલોની ફરિયાદ છે જો કે પેઢી દર પેઢી જમાનાની પરિવર્તનશીલતા અને ટીવી, કોમ્પ્યુટરના માધ્યમને કારણે સંકોચાતી જતી સૃષ્ટિના અસને કારણે પણ હોઈ શકે. આમ છતાં સંતાનોએ વડીલો પ્રત્યે બોલવામાં, વર્તનમાં વિવેક રાખવો. માતાપિતાને સંતોષ અને આનંદ થાય એવાં જ કર્યો કરવા. સ્વાતંત્ર્ય સીમા વટાવી સ્વચ્છંદતા ન બને, વિશ્વાસ અવિનયની હદ બહાર ન જાય એ પણ સંતાનો એ જોવું જોઈએ. કોઈ નવું કામ કરતા પહેલાં કદાચ પરવાનગીની જરૂર ન જણાય તો પણ જાણ કરવાની નમ્રતા - વિવેક તો રાખવાં જ જોઈએ.

### સુવિચાર

- તફાવતની તીવ્રતા જુઓ, ફુલોને મુઠ્ઠીમાં દબાવશો તો ફુલને ઈજા થશે, અને કાંટાને દબાવશો તો મુઠ્ઠીને ઈજા થશે - **હરિભાઉ ઉપાધ્યાય**
- હું રજકણથીય હળવો છું ને પર્વતથીય ભારે મને તોળશો નહીં તમારા વ્યક્તિગત ત્રાજવાથી - **મહેન્દ્ર શાહ**
- શમણાઓ વિહોણી રાત નથી ગમતી મને, માણસાઈ વિનાની વાત નથી ગમતી મને, આપણી સામે અલગ ને લોકો સામે અલગ, બદલાતા માણસની જાત નથી ગમતી મને - **નિર્મલા શીલાશ્રીજી**
- એક ઈન્સાન જો દો ખરગોશોં કે પીછે ભાગતા હૈ વહ એક કો ભી નહીં પકડ પાતા હૈ - **હંસરાજ પાઠક**
- જે બીજાને સાંભળી શકે, તે પોતાને સંભાળી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિપત્તિની ક્ષણે મૌન આપણું સાથીદાર અને માર્ગદર્શન બને છે - **જે કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : બાફેલું એક પરવળ રોજ ખાવાથી ભૂખ ન લાગવાથી ફરિયાદ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુજરાતના રાધનપુર ગામમાં દુષ્કાળ વખતે તળાવ ઊંડું કરનારા સૌ મજૂરોને ગોળ વહેંચાયો. એક દીકરીને ઘણું સમજાવવા છતાં ગોળ ન લીધો. એણે કહ્યું, 'મારી બા એ કીધું છે, કશુંય મફત ન લેવાય.' એ વાત રવિશંકર મહારાજ ને કાને પહોંચી, દિવસે તેઓ રાધનપુરમાં હતા. તેઓ દીકરીને અને તેની માતાને મળવા એમના ઘરે ગયા. માતા થોડા સમય પહેલા જ વિધવા થયા હતા. મહારાજે પૂછ્યું, 'ખેતી કરો છો ?' માતાએ કહ્યું, 'પહેલા કરતી હતી, બે બળદ હતા તે વેચી નાખ્યા, ત્રીસ વિઘા જમીન હતી, જે મહાજનને ગોચર માટે દાનમાં આપી દીધી છે. આ છોકરી મજૂરીએ જાય છે, હું ઘરનું કામ કરું છું. આવક ભળે ઓછી છે પણ ગુજરાન ચાલે છે. બે બળદના છસો રુપિયા ઉપજ્યા તે શેઠને આપ્યા અને કહ્યું હતું કે મારા ઘણીનું કલ્યાણ થાય તે રસ્તે વાપરજો. તો શેઠે બાજુના ગામમાં કૂવો અને ઢોર માટે હવાડો બનાવ્યો છે.'

મહારાજે કહ્યું, 'જમીન આ છોકરી માટે રાખી હોત તો ?' માતાએ કહ્યું, 'આ છોકરી એનું નસીબ લઈને નહિ આવી હોય?' મહારાજે માતાને વંદન કર્યા.

કયાં આજનો બીજાની મજૂરી હડપ કરી જતો શિક્ષિત કહેવાતો સમાજ અને ક્યાં અણઘડ આ ગામડિયા? બેમાંથી અણઘડ કોણ અને કોણ સાચો ધર્મ સમજનાર શિક્ષિત?

# કાશ્મીરી પંડિતોનો અભિગમ....

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધી હવે પૂરી ક્ષમતા સાથે મેદાને જંગમાં સક્રિય થઈ ગયા છે. ભલે પોતે કોંગ્રેસ પ્રમુખ ન હોય પણ એમનું એકેએક પગલું માતા સોનિયા ગાંધી પાસેથી અનુકૂળ સમયે એ પદ સ્વીકારી લેવાની દિશામાં અગ્રેસર થતું જોઈ શકાય છે. કોંગ્રેસ પાસે પોતાનો કોઈ વિકલ્પ નથી એની પ્રતીતિ પણ તેઓ અત્યાર સુધી ખાલી રહેલા કાયમી પ્રમુખ પદ છતાં બીજા કોઈએ એ પદ સ્વીકારવા કે મેળવવાની તૈયારી નથી દર્શાવી એથી થઈ જ ચૂકી છે. રાહુલને એકાવન વર્ષ જેટલી ઉંમર થી ગઈ છે. એમના પિતા રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા ત્યારે એમની ઉંમર માત્ર ચાળીસ વર્ષ હતી. ઈંદિરા ગાંધી છેતાળીસમા વર્ષે એ પદ પર આરૂઢ થઈને લગભગ બાકીની જિંદગી દરમિયાન - જનતા શાસનનાં અઢી વર્ષ બાદ કરીએ તો - વડાપ્રધાન પદ શોભાવતાં રહ્યાં હતા. વારસાઈની આ રાજવંશી પરંપરા ભારતીય જનતા પાર્ટીએ હિંદુત્વનું કાર્ડ ઊતરીને તોડી છે. ભારતી જનતા પાર્ટીના પ્રથમ વડાપ્રધાન અને વર્તમાન વડપ્રધાનને કોઈ સીધી લીટીના વારસદાર નહીં હોવાથી પ્રજામાં એમની ઈમાનદારી અને રાષ્ટ્રભક્તિ વિશે ઊંચો અભિપ્રાય પ્રવર્તી રહ્યો છે. રાહુલ ગાંધી એકાવનમે પણ બાળકુંવારા છે એટલે તેઓ કદાચ એમની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી શકે તો એમની વારસાઈમાં હવે તો બહેન પ્રિયંકા ગાંધી - વાડ્રા જ રહેશે. રાહુલ ગાંધીને ભારતીય જનતા પાર્ટીના સાર્વત્રિક સ્વીકારના પાયામાં 'હિંદુત્વ'નું ધાર્મિક પરિબળ પડેલું છે એની પ્રતીતિ થઈ ચૂકી છે. એમનાં માતા ભલે ગંગામાં ડૂબકી દઈ આવે પરંતુ જન્મે અને કર્મે - ધર્મે કેથોલિક ખ્રિસ્તી છે તે સૌ જાણે છે. આથી રાહુલ ગાંધીને હવે છેક એમના નાનાના વંશ સાથે પોતાનું અનુસંધાન જોડીને પોતાને 'કાશ્મીરી પંડિત' તરીકે ઓળખાવવાનો નવો ખેલ પાડવો પડ્યો છે. એ સાચું કે પંડિત મોતીલાલ નહેરુનું મૂળ ગોત્ર તો કાશ્મીરી પંડિતનું જ છે. જો કે ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલી ગોબેલ્સ ટીમ એમને કાશ્મીરી મુસ્લિમમાંથી કન્વર્ટ થયેલા ગણાવવા આકાશપાતાળ એક કરતી રહી છે. હવે રાહુલ ગાંધી જયારે પોતાને કાશ્મીરી પંડિત તરીકે ઓળખાવે છે અને માતા વૈષ્ણોદેવીની ચૌદ કિ.મી.ની ચઢાઈ સડસડાટ પગપાળા પાર કરે છે તથા 'જય માતા દી' ના નારા કોંગ્રેસીઓના સંમેલનમાં ભારપૂર્વક બોલાવડાવે છે ત્યારે 'હિંદુત્વ કાર્ડ' આ દેશમાં રાજકીય રીતે પુનઃપ્રસ્થાપિત થવા કેટલું જરૂરી છે એનો અહેસાસ થયા વિના રહેતો નથી. રાહુલ ગાંધી અને એમનો પક્ષ એક તરફ જમ્મુ અને કાશ્મીરને અલગ દરજ્જો આપતી ૩૭૦મી કલમનું સમર્થન કરે છે અને બીજી તરફ 'હિંદુત્વ'નો મુદ્દો પણ મહત્ત્વનો ગણે છે. હકીકત તો એ છે કે ૩૭૦મી કલમ રદ કરીને મોદી-શાહની જુગલ જોડીએ માસ્ટર સ્ટ્રોક મારી દીધો છે અને કાશ્મીરી મુસ્લિમો તથા અલગતાવાદીઓની બોલતી બંધ કરી દીધી છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબી મુફતી તાલિબાની સરકારનાં ઓવારણાં લેવા માંડ્યાં છે તેઓ અત્યારે નજરકેદમાં હોવાનું પણ જાતે જ જણાવે છે. અલગતાવાદી નેતાનાના અવસાન પછી કાશ્મીર ખીણમાં પ્રત્યાઘાતો ઊભા થાય એ માટે પાકિસ્તાની વડાપ્રધાને મગરનાં આંસુ રેલાવ્યા પણ કડક પ્રતિબંધોને લીધે એવું કશું બન્યું નથી. રાહુલ ગાંધીને એમના પૂર્વજોના પ્રદેશ પ્રત્યે આકર્ષણ હોય તે સમજી શકાય છે. પરંતુ પૈતૃક વારસાઈની રૂએ તો તેઓ પારસી દાદા ફિરોઝ ગાંધીની ઓલાદ છે. ગુજરાતમાં આવીને શું તેઓ પોતે 'ગુજરાતી પારસી' હોવાનું કહેવાની હિંમત કરી શકશે ? એમનાં નાનીએ તો કયારેક પોતે ગુજરાતની વહુ હોવાનો દાવો કરી ગુજરાતીઓનાં દિલ જીતી લીધેલાં ! પરંતુ ત્યારે આ હિંદુત્વ કાર્ડ જોરમાં નહોતું. રાહુલ જનોઈ પહેરે, પોતાને વિશિષ્ટ ગોત્રના બ્રાહ્મણ તરીકે ઓળખાવે અને 'કાશ્મીરી પંડિત' કહે કે 'જય માતા દી' નાં સૂત્રો પોકારે તો પણ એ 'ભારત માતા કી જય' થોડા બોલાવી શકશે ? એ ઈજારો તો ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો જ રહેવાનો છે !

# જલ ન હોતા તો આ જગ જાતા જલ...



## આરપાર

રાઘવજી માધડ

એકવાર કોઈ સેક્ટરમાંથી સ્કૂટર પર થઈ રહ્યો હતો.એકાએક મારી નજર,જાહેર નળ પર ગઈ. નળ ચાલુ હતો. જોયું તો પાણી કોઈ એવા ઉપયોગ વગર વહી રહ્યું હતું. નળ બંધ કર્યો. આ વેળા પસાર થયેલા કોઈ રોડધારીએ મારા સામે જોઈ, વિચિત્ર રીતે હસેલા...ખબર નહી,તેમણે મારી શું ને શેમાં ગણતરી હશે ! પણ પ્રશ્ન પાણીનો હતો. કુદરતી સંપત્તિનો કારણ વગર આવો બગાડ ન થવો જોઈએ.પણ જેમણે તળમાંથી તરસ અનુભવી ન હોય,પીવાનાં પાણી માટે વલખ્યા માર્યા ન હોય તેમને આ નહીં સમજાય. વરસો પૂર્વે અમરેલી છોડી,ગાંધીનગરમાં વસવાટ કર્યો...ત્યારે મારાં જીવનસાથીને સૌથી મોટો રાજીપો થયો હોય તો પાણી અંગેનો.તેણીએ મારા ગામમાં બે કિલોમીટર દૂર શેત્રુંજી નદીમાં વીરડો ઉલેચીને પાણી ભર્યું છે. માથે બેડું લઈને ઘરે આવે ત્યારે તો થાકીને લોથ થઈ ગઈ હોય. ઉનાળાના સમયે ગામમાં પાણીનું ટેક્ર આવે તો રીતસરનું બેડાયુદ્ધ થાય. સ્ત્રીઓ લાજ-શરમ નેવે મૂકી, બાઝી પડે. કપડાંનું પણ ભાન ન રહે...ને છેલ્લે એકાદ ગાગર પાણી મળવું હોય તો મળે...નહિતર ઠાલાં બેડે પાછાં ફરવું પડે...ત્યારે ભવ હારી ગયા હોય એવી પીડા થાય. આ બધું નજરોનજર જોયું એટલું જ નહીં પણ જાતે અનુભવ્યું છે.

ગામ મૂકી થોડો સમય અમરેલી રહ્યાં.ત્યાં પણ છેલ્લે નળમાં ક્યારે પાણી આવ્યું હતું તે દિવસો ગણવા પડે...અને આવે તે પાણી સાવ ચોખ્ખું ન હોય. હા,અત્યારે તો પાણી માટેની ઘણી સારી સ્થિતિ છે. પણ પછી કોઈ જાહેરાત કે દંભ-દેખાડા વગર મહી નદીનું પાણી પાઈપલાઈન દ્વારા અમરેલી વિસ્તારને પહોંચતું કરવામાં આવ્યું.અને પીવાના પાણીની સમસ્યા હલ થઈ.જે આજેય યથાવત છે. ભૂત કાળમાં ટ્રેન દ્વારા પણ પીવાનું પાણી પહોંચતું કરવાના પ્રયાસો થયા છે. આ બધા પ્રયાસો માટે જે તે સમય ના તંત્રનો આભાર માનવા માટે શબ્દો શોધ્યા જડે એવું નથી. હા, નર્મદા નીર રણ સુધી વિસ્તર્યા છે પણ અમરેલીનો ભૂભાગ ઉંધી રકાબી જેવો છે. જેથી કદાચ પાણી પહોંચતું કરવું મુશ્કેલ હોય, એવું બને !

એક રીતે કહીએતો લોકો પાણી વાળી ખરાં...પણ તળમાં પાણી નહીં.આ સમસ્યાને લઈ 'જળતીર્થ' નવલકથા લખી.તેમાં એક કિસ્સોતો એવો છે:વૈશાખના તાપ વચ્ચે સ્ત્રીઓ પાણી માટે સીમની વાડીઓમાં ભટકે છે...તેમાં ખુદ તરસી થાય છે.ને પછી તરસ છીપાવવા માટે તે ઉભી થઈ, ખખળતી ગાયની પાછળ ખોબો ધરે છે ! આ નવલકથાની ગુજરાતી બે આવૃત્તિ થઈ ને હાલ હિન્દી વર્જન પ્રોસેસમાં છે.

મૂળ વાત પાણીની માંડવી છે.મફતનું મૂલ્ય ભાગ્યે જ કોઈને સમજાતું હોય છે.અહીં પ્રમાણમાં પાણી પુષ્કળ છે.પણ ઉપયોગ કરતા બગાડ વધારે થતો હોય એવું લાગે છે.સવારે નળ આવે ત્યારે અહીં સેક્ટરના ઝુંપડામાં વસતા મજૂરો,હાથમાં પ્લાસ્ટિકના વાસણો લઈ,પાણી માટે ભટકતા હોય અને બીજી બાજુ ટાઈમ પાસની પ્રવૃત્તિમાં કોઈ 'સજ્જન' હાથમાં પાણીની પાઈપ પકડી ચારેબાજુ પિચકારીઓ મારતા જુઓ ત્યારે પાણીના બેફામ બગાડનો ખરો ખ્યાલ આવે.પાણી એતો કુદરતી સંપત્તિ છે. તેના પર સૌનો સરખો અધિકાર ગણાય. હા, તેથી કોઈ પોતાના ઘરેથી પાણી આપવાની ખાસ વ્યવસ્થા પણ કરે છે.

કોઈ કહે,પાણીના મીટર મુકાવા જોઈએ.આપોઆપ પાણીનો વપરાશ કાબૂ કે કન્ટ્રોલમાં આવી જાય. હા, આવું માની લેવામાં હરકત સરખું નથી. સ્વેચ્છાએ સમજવું એ અમુકના સોફ્ટવેરમાં સેવ થયેલું હોય છે. પણ માંદા મનનું મીટર હજુ શોધાયું નથી. વ્યક્તિ જાતે સમજે તો બીજી કાંઈ કરવાની જરૂર ક્યાં છે ? એક કહેવત છે, વરાથી નહીં પણ કવરાથી માણસ મરતો હોય છે. અર્થાત ખરી વપરાશથી વિનાશ થતો નથી પણ બગાડથી થાય છે. કહેવાય છે કે, હવે પછીનું વિશ્વયુદ્ધ પાણી માટે ખેલાશે !

પાણી વગરની સૃષ્ટિની કલ્પના કરી જુઓ ! આ કુદરતી સંપત્તિ કોઈ કારખાનામાં ઉત્પન્ન નહીં થઈ શકે. આ અમુલ્ય સંપત્તીને આપણે જ સાચવવી, સંભાળવી ને બચાવવી પડશે.

**છેલ્લે :**

**મોંઘામાં મોંઘી શીખ રસ્તામાં ને સાવ સસ્તામાં મળતી હોય છે !**

http://raghavjimadhad.blogspot.com, mo. 94270 50995

# આવો, સાચા જૈન ધર્મને ઓળખીએ, 'મિચ્છામિ દુક્કડમ'

જૈન ધર્મ વિશે બહું ઓછા લોકો જાણતા હશે કે આ ધર્મની ઉત્પતિ એ વૈદિક યુગમાં પ્રવર્તમાન હિન્દુ ધર્મના અસંતોષમાંથી થઈ છે. ભલે હિન્દુધર્મ સંસારનો સૌથી જૂનો અને વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત ધર્મ હોવા છતાય એ વખતના બ્રાહ્મણોનું સમાજ પર એક હથ્થું આધિપત્ય, ચારવર્ણોની વ્યવસ્થા, વારંવાર યોજાતા યજ્ઞો અને તેમાં અપાતી વનસ્પતિ, જીવો આદિની આહૂતિઓ, ધર્મગ્રંથોમાં પ્રયોજાતી ભાષાની અજ્ઞાનતા... આ ચાર પરંપરા-વિચારધારાની સામે ક્રાંતિ એટલે જૈનધર્મ જે ત્યાગની ભાવના પર અને કર્મકાંડની અસ્વિકૃતિ પર ઊભો થાય છે. હિન્દુ વૈદિક ધર્મ ગૃહસ્થીને અનુસરે છે. જ્યારે જૈન ધર્મ પ્રવજ્યા એટલે કે ગૃહત્યાગમાં માને છે. હિન્દુ ધર્મમાં દેવ દેવાદિની પૂજા-આરાધના થાય છે. ઈશ્વરને અવતારી પુરૂષ ગણી પૂજવામાં આવે છે. જ્યારે જૈનધર્મમાં રાગ દ્વેષ, મોહ-માયા, કામ-ક્રોધ, લોભ, વાસના વગેરે પર વિજય મેળવનાર મનુષ્યની આરાધના થાય છે.

એક રીતે જોઈએ તો જૈનધર્મની જરૂર આજના પ્રત્યેક માનવીને છે. કેમ કે આજનું સામાજિક વાતાવરણ હિંસાત્મક બની રહ્યું છે. ગાંધીજીની 'સર્વધર્મ સમભાવ' ની પરિકલ્પના તો છેક ચોથી સદીમાં જૈનાચાર્યોએ કરી હતી. જૈનધર્મ નિરિશ્વરવાદી છે તે સંસારના સર્જનહાર ઈશ્વરની સ્વીકૃતિ નથી કરતો તે માને છે કે ઈશ્વર જેવું કશું જ નથી. માનવી જ ત્યાગ, સમર્પણ, સત્ય અને અહિંસાથી દેવત્વને પામે છે. સિદ્ધતાને પામે છે. આ સિદ્ધતાને પામવા સંસારનો ત્યાગ કરવો પડે છે, બધી જ વૃત્તિ-પ્રવૃત્તિઓનો ત્યાગ, ભાવ-વિભાવનો ત્યાગ, ઈચ્છા-કામના-વાસના, કામ,ક્રોધ, મોહ,લોભ, માયા આ બધાનો ત્યાગ કરીને મન પર સંપૂર્ણ સંયમ પ્રાપ્ત કરવાથી જ સિદ્ધત્વને પામી શકાય છે. એ પહેલા સાધુ, પછી ઉપાધ્યાય, પછી આચાર્ય, પછી તીર્થંકર અને છેલ્લે સિદ્ધતત્ત્વ સુધી પહોંચી શકાય છે.

જૈનધર્મમાં કર્મના સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જૈનકર્મ સિદ્ધાંતમાં માને છે કે પ્રત્યેક જીવ પોતાનું "કર્મચક્ર અને કર્મફળ" લઈને જ અવતરે છે. અને માનવીય ભાવ-વિભાવોથી એ કર્મો પૂરા કરવા પ્રયત્નો કરે છે. પરંતુ જો એ તમામ કર્મોનો ત્યાગ કરી દે તો એ સિદ્ધત્વને પામી શકે છે. આ માટે મન.વચન અને દેહકાર્ય પર સંપૂર્ણ નિયંત્રણ, તપ, નિયમ અને સંયમનું પાલન અનિવાર્ય છે. જેમ જેમ કર્મચક્ર ઓછું થતું જાય તેમ તેમ જીવ સાધુભાવથી તીર્થંકર અને સિદ્ધની અવસ્થા સુધી પહોંચે છે. પછી એ જીવ ગમે તે જાતિ-જ્ઞાતિનો હોય,

જૈનધર્મમાં કેટલીક આચાર સંહિતા પણ છે. (૧) કોઈપણ જીવની હિંસા કરવી નહી (૨) જે સત્ય જેવું છે તેને તેવા જ સ્વરૂપે રજું કરવું (૩) કોઈની વસ્તુ ગ્રહણ કરવી નહી (૪) મનના વિકારો ઉપર કાબૂ રાખી મનને સંયમશીલ બનાવવું. (૫) પોતાને બિલકુલ જરૂરી હોય એવી જ વસ્તુઓ લેવી અન્ય ગ્રહણ ના કરવી. જૈનધર્મની આ પાંચેય આચાર સંહિતા આજે પ્રત્યેક માનવીએ જીવનમાં ઉતારવી જોઈએ. કેમ કે આજના આધુનિક યુગના સમયમાં વિવિધ સમસ્યાઓનો ઉકેલ આ પાંચેય આચાર સંહિતામાં રહેલો છે.

આજે જે જૈનધર્મ ભારતવર્ષમાં પ્રવર્તે છે તેમના આરાધ્યનું નામ "જિન" છે, આ 'જિન' શબ્દનો કોશગત અર્થ છે રાગ-દ્વેષ પર વિજય મેળવનાર / વીતરાગી. આવા જિનના જે અનુયાયી તે 'જૈન' આ જૈનધર્મમાં કાળના બે વિભાગો છે. 'ઉત્સર્પિણી' અને "અવસર્પિણી" એટલે કે "ઉન્નતિ અને અવનતિ"નો કાળ. આ બીજા કાળમાં કુલ ૨૪ જિનો – તીર્થંકરો થઈ ગયા. જેમાં છેલ્લા તીર્થંકર તે 'મહાવીર સ્વામી'. આજનું આખું જૈનશાસન – જૈનતંત્ર મહાવીર સ્વામીના નામે ચાલે છે. અને તેમના પૂર્વે એટલે કે ૨૩માં તીર્થંકર 'પાર્શ્વ' થઈ ગયા. જેમને પણ ક્યાંક ક્યાંક યાદ કરાય છે. આ મહાવીર સ્વામીના જીવ વિશે જૈનશાસ્ત્રોમાં ૨૬ પૂર્વભવોનું વર્ણન કરવામાં આવ્યું છે. આજથી ઈ.સ. પૂર્વે ૫૯૯માં બિહારના વૈશાલીનગર નજીક કુંડગ્રામમાં ક્ષત્રિયને ઘેર જન્મ લઈને ૩૦ વર્ષની વયે સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈને સર્વ જીવો પ્રત્યે દયા રાખવાનો નિયમ લઈને કઠોર જીવન અપનાવી ૩૦ વર્ષ સુધી ઉપદેશ આપી જૈન શાસનની સ્થાપના કરી. ૭૨ વર્ષની વયે તેમની મૂક્તિ થઈ. નિર્વાણ થયું.

આ જૈનધર્મનો વિચાર આજની સ્થિતિએ કરીએ તો સૌ પ્રથમ એ પ્રશ્ન થાય કે આજે આપણે દરરોજ દેરાસર જઈએ છીએ, પ્રતિકમણ કરીએ છીએ, સામયિક કરીએ છીએ, અઠ્ઠાઈ કરીએ છીએ. આરાધના કરીએ છીએ.પણ શું ખરેખર મહાવીર સ્વામી દ્વારા સ્થપાયેલા આ જૈનત્વના સિદ્ધાંતોનું સમજીને પાલન કરીએ છીએ ખરા ? રોજ સવારે દેરાસર જઈને પ્રતિકમણ કરવું એની સાથે સાથે મનથી જ કોઈનું ખરાબ ના ઈચ્છવું એ પણ વિશેષ ધર્મ છે. નિયમિત ગમે તેટલી આરાધના કરીએ સામયિક કરીએ કે નવકાર ગણીએ... પણ જો મનમાં કોઈના પ્રત્યે ક્રોધ ભર્યો હોય, દ્વેષભાવ ભર્યો હોય કે નફરત ભરી હોય... તો આપણે જૈન હોવા છતાંય જૈન નથી.



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

જેમ માત્ર જનોઈ પહેરી લેવાથી બ્રાહ્મણ નથી બની જવાતું તેમ દેરાસર જવાથી કે જૈન કુટુમ્બમાં જન્મ લેવાથી "જૈન" નથી બની જવાતું. બ્રાહ્મણત્વ કે જૈનત્વ એ એક પવિત્ર વિચાર છે, મનની શુદ્ધ ધારાઓ છે, એ વ્યક્તિથી લઈને આખા સમાજને સાચી રાહ ચીંધે છે.

" નમો અરિહંતાણમ, નમો સિદ્ધાણમ, નમો આયરિયાણમ, નમો ઉવજઝયાણમ, નમો લોએસવ્વસાહૂણમ. " આ નવકાર મંત્ર ભારતીય ધર્મશાસ્ત્રોમાં વર્ણિત શ્રેષ્ઠ મંત્રોમાંનો એક મંત્ર છે. અને તમામ જૈનો સહિત અનેક લોકો આ મંત્રનો જાપ કરતા રહ્યા છે. પરંતુ આ મંત્રના અર્થનું, ઉદેશ્યનું પાલન આપણા જીવનમાં થાય છે ખરું ? બહું ઓછા લોકો જાણતા હશે કે આ નવકાર મંત્ર જપવા પાછળનો આશય એવો છે કે હે પ્રભુ, તારામાં જે જે ગુણો તે સૌ મારા પોતાનામાં પણ આવે. આવો ઉદેશ્ય છે પણ એ શક્ય બને છે ખરું ? મહાવીર સ્વામીએ વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો હતો, શરીર પર કરડતા મચ્છરોને પણ તેઓએ દૂર કર્યા નથી. કાળઝાળ ગરમી અને ઠંડી સહન કરીને એમણે પોતાને વારંવાર તકલીફ આપનાર દૂષ્ટ માણસોને પણ ક્ષમા આપીને તેમનું ભલું કર્યું છે. આપણે એવું કરી શકીએ છીએ ખરા ? આપણે તો આપણા ઘરના ને પણ ક્ષમા કરી શકતા નથી, અહમમાં ક્ષમા માગી શકતા નથી, બહારથી આપણે શાંત રહીએ છીએ પણ અંદરથી ક્રોધ, માયા, મોહ, વાસના અને લોભ જેવા અનેક દૂર્ગુણોથી આપણે ભર્યા છીએ. આવા દૂર્ગુણો સાથે આપણે ગમે તેટલા નવકાર ગણીએ કે દેરાસરે જઈએ કે પ્રતિકમણ કરીએ.. શો અર્થ છે આવા જૈનત્વનો ? સાચું જૈનત્વ જન્મ આધારિત નથી પણ કર્મ આધારિત છે. જ્યા ક્ષમા નથી ત્યા ક્રોધ છે. જ્યા દયા નથી ત્યા હિંસા છે. આપણે ખરેખર આપણા સાચા કર્મને કે ધર્મને સમજ્યા જ નથી. વર્ષોથી ચાલી આવતી પરંપરાને અનુસરીને જીવીએ છીએ. સાચો જૈનધર્મ તો આત્મામાંથી પરમાત્મા સુધીનો માર્ગ આપણને બતાવે છે. જીવમાંથી શિવ તરફની એની ગતિ છે. આત્મધર્મ છે. આત્માને વિશુદ્ધ કરનારો ધર્મ છે. આત્મામાંથી કોઈના પ્રત્યે રાગદ્વેષ કેમ ઓછા થાય તે માર્ગ ચીંધનારો છે. આત્માને વિશુદ્ધ કરનારો ધર્મ છે. કોઈના પ્રત્યે રાગ દ્વેષ કેમ ઓછા થાય તે ચીંધનારો ધર્મ છે. કેમ કે મોટાભાગના દોષો સમાજમાંથી જ આવે છે. સામાજિક પરિગ્રહમાંથી, મમત્વમાંથી દોષો જન્મે છે. જ્યારે જૈનધર્મના સાચા શ્રાવક માટે પરિગ્રહનો ત્યાગ, મમત્વનો ત્યાગ જ સૂચવાયો છે. પરંતુ આપણે આ બધુ શું કરી શકીએ છીએ ખરા ? એવો પ્રશ્ન આપણે જ આપણી જાતને કરવો છે.

9426060601.india@gmail.com

# કલાઈમેટ ચેન્જ : ખતરામાં છે દુનિયા!

તમને નથી લાગતું કે વાતાવરણમાં કઈક વિચિત્ર ફેરફારો થઈ રહેલ છે ? દુનિયાભરમા આબોહવા અને કલાઈમેટ ક્ષેત્રે કશુક અજુગતું કે આઉટ ઓફ સિસ્ટમ થતું હોય એવું લાગે છે ? જરા આંખ બંધ કરીને દુનિયાભરમાં છેલ્લા એક - બે વર્ષમાં વાતાવરણ કે મોસમમાં થયેલા અચાનક ફેરફારો યાદ કરશો તો ઉપરના સવાલનો જવાબ મળી જશે. અરે કશે દૂર ગયા વગર આપણાં દેશના આ વખતના ચોમાસા પર નજર નાખશો તો પણ સમજાય જશે કે મોસમની પેટર્ન કે વાતાવરણની સિસ્ટમ બદલાઈ તો છે જ. ભારતમાં ચોમાસુ જેને કહી શકાય એવા દિવસો પસાર થવામાં છે અને હવે વરસાદના એંધાણ છે અને એ પણ જનરલી દક્ષિણમાથી શરૂ થતાં ચોમાસાને બદલે આડેધડ ચોમાસાના સમાચારો છે, એ તો ઠીક પણ દેશના ઘણા ભાગોમાં હજુ સંતોષકારક વરસાદ પડયાના પણ કોઈ વાવડ નથી. હજુ પણ ના સમજાતું હોય તો લગભગ એકાદ મહિના પહેલા આવેલા સંયુક્ત રાષ્ટ્રના કલાઈમેટ ચેન્જના રિપોર્ટ પર નજર નાખવા જેવી છે, ખાલી નજર જ નહીં પણ એને ગંભીરતાથી લેવો પડે એમ છે.

કલાઈમેટ ચેન્જ પર નજર રાખવા માટે યુનાઈટેડ નેશન્સ (યુએન ) દ્વારા ૧૯૮૮ થી કાર્યરત ઈન્ટરગ્વર્નમેંટલ ઓન કલાઈમેટ ચેન્જ ( IPCC ) નામની સંસ્થાએ ગયા મહિને એક રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. ૧૯૫ જેટલી સરકારોના વૈજ્ઞાનિકો અને પ્રતિનિધિઓના સલાહ-સૂચનો આધારિત ૩૦૦૦ થી વધારે પાનાનાં આ રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે પૃથ્વીનું તાપમાન ૨૦૩૦ સુધીમાં લગભગ ૧.૫ ડિગ્રી જેટ્લુ વધી જશે. વધુ ગંભીર એ છે કે તાપમાનમાં આ વધારો ધાર્યા કરતાં ૧૦ વર્ષ વહેલો થઈ રહ્યો છે,અટલબ કે ૨૦૪૦ સુધીમાં પૃથ્વીનું તાપમાન વધવાનો અંદાજ ખોટો પડ્યો છે. રિપોર્ટમાં આગળ લખે છે કે જે ઝડપે તાપમાન વધી રહ્યું છે એ માટે માનવજાત જ જવાબદાર છે અને સમયથી વહેલા દેખાતા આ ખરાબ સંકેતો પૃથ્વી માટે અને માનવજાત માટે બહુ જલ્દીથી વિનાશકારી સાબિત થવાના છે અને આને લીધે દુનિયાભરમાં મોસમમાં ભયંકર બદલાવો આવી શકે છે. દુનિયા આમ પણ ભયાનક આગ, ઓગળતા ગ્લેશિયર, ભયાનક પૂર અને ધરતીકંપ થી લઈને દુષ્કાળ જેવી મુશ્કેલીઓ સામે જઝૂમી રહી છે.

ગયા મહિને ઠંડા પ્રદેશ તરીકે જાણીતા કેનેડાના બ્રિટિશ કોલંબિયા ક્ષેત્રમાં ગરમીનો પારો ૪૬ ડિગ્રીને પાર પહોચી ગયો. સ્કૂલો બંધ કરી દેવી પડી. જન-જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું એટલું જ નહીં પણ આને લીધે લાગેલી આગમાં એક આખું ગામ ભસ્મીભૂત પણ થઈ ગયું. પશ્ચિમ અમેરિકાના ૧૨ પ્રાંતોમાં આગ લાગી ગઈ. ઓરેગન, પોર્ટલેંડ, રેડમાંડ કે કેલિફોર્નિયા પણ આમાથી બાકાત રહી શક્યું નથી. ઉત્તર રોકી પર્વત પર લાગેલી આગે કોરોનાને પણ ભુલાવી દીધો. રશિયાની રાજધાની મોસ્કોમાં તો એટલી ગરમી પડી કે ગરમીનો ૧૨૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો એટલું જ નહીં પણ દુનિયાના ઠંડા પ્રદેશોમાના એક એવા સર્બિયામાં પણ જુલાઈમાં રેકોર્ડબ્રેક ગરમી પડી. દુનિયાના બીજા છેડે યુરોપમાં જર્મની, બેલ્જિયમ અને નેધરલેન્ડમાં ભયાનક પૂર આવ્યા કે જેમાં ૧૬૫ જેટલા લોકો માર્યા ગયા અને સંપતિને કરોડો યુરોનું નુકશાન વેઠવું પડ્યું. ચીનની વાત કરીએ તો જુલાઈમાં ચીનના જંગજાઉ શહેરમાં એક જ દિવસમાં લગભગ ૬૨૪ મીમી એટ્લે કે ૨૫ ઈંચથી વધુ વરસાદ પડ્યો. આશ્ચર્યની વાત એ છે કે આ ક્ષેત્રમાં આખા વર્ષમાં આટલો વરસાદ પડતો હોય છે. ચીન, બેલ્જિયમ, નેધરલેન્ડ અને જર્મનીમાં પડેલા આટલા ભારે વરસાદની બીજી એક ચોકાવનારી વાત એ છે કે અચાનક જ અસામાન્ય વરસાદ પડ્યો. ઈરાન જેવો દેશ અત્યારે પાણીની તંગીથી જઝૂમી રહ્યો છે. ભયાનક ગરમીને લીધે પાણીના સ્તોત્રો બહુ જલ્દી સુકાઈ રહ્યા છે અને પાણીની સાથે સાથે વીજળીનું સંકટ પણ ઘેરું બની રહ્યું છે. મે માં પ્રકાશિત થયેલા એક રિપોર્ટ મુજબ ૨૦૭૦ સુધીમાં દુનિયાના ૩ અબજથી વધુ લોકો એવી જગ્યાએ રહેતા હશે કે જ્યાં ગરમી અસહ્ય પડતી હશે.

દુનિયાભરમાં મોસમના રેકોર્ડ તૂટી રહ્યા છે. ક્યાક ભયાનક ગરમી તો ક્યાક અચાનક ભારે વરસાદ તો ક્યાક વિકરાળ અને વિનાશક આગ. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કલાઈમેટ ચેન્જને લીધે ગરમી અને સૂકી મોસમનો ખતરો વધી જાય છે જેનાથી આગ લાગવાના બનાવો દિવસે દિવસે વધતાં જવાના. એપ્રિલમાં આપણાં ઉતરાખંડના જંગલોમાં જ ૮૦ થી વધુ આગના બનાવો નોંધાયેલા જો કે સરકારનું કહેવું છે કે આ બનાવો મોટાભાગે માનવસર્જિત હતા એમ છતાં પણ અપૂરતા વરસાદને લીધે જંગલોમાં ભેજના અભાવે સૂકા વાતાવરણમાં આગ લાગવાના ચાંસિસ પણ નકારી શકાય નહીં. IPCC નો રિપોર્ટ પણ એ જ કહે છે કે વધતાં તાપમાનને લીધે દરિયાનું સ્ટાર વધી રહ્યું છે, બરફીલી જમીનો ઘટી રહી છે અને પ્રચંડ લૂ, દુષ્કાળ, પૂર અને તોફાનની ઘટનાઓ વધી રહી છે. કલાઈમેટ ચેન્જને લીધે કુદરતી આપદાઓની સંખ્યામાં વધારો થયો છે અને એની તીવ્રતા પણ વધી છે. હિમસ્ખલનોને લીધે બરફ પીગળીને પૂર આવવાની ઘટનાઓ બની રહી છે. હજુ હમણાં જ આપણે ત્યાં ચમોલીમાં આવી ભયાનક ઘટના બનેલી. ભલે એનું કારણ વાદળ ફાટવાનું હોય પણ હિમસ્ખલન પણ એક કારણ તો ખરું જ. હજુ આજે પણ ઉત્તર ભારતમાં ભૂસ્ખલનની ઘટનાઓ બન્યે જ જાય છે.



## રજળપાટ

અજય ઉપાધ્યાય

કલાઈમેટ ચેન્જમાં પ્રાકૃતિક કારણોની સાથે સાથે એક અગત્યનું કારણ છે માનવસર્જિત ઉર્જાનું અને એટ્લે જ પેરિસમાં થયેલી સમજૂતી મુજબ લગભગ ૨૦૦ દેશોએ ૨૦૧૫ માં સીમાચિહ્ન રુપ પેરિસ જળવાયુ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેનો ઉદ્દેશ વૈશ્વિક તાપમાન વધારાને 2°C (3.6°F) થી ઓછું રાખવું પણ ઘણા દેશોની નિષ્કાળજીને લીધે વાતાવરણમાં ઉત્સર્જિત થતા ગ્રીન ગેસના કારણે તાપમાન ધારેલા સમય કરતાં વહેલું વધી રહ્યું છે અને અત્યારથી કાળજી લેશું તો પણ આવનારા ઘણા વર્ષો સુધી એની અસરો જોવા મળશે નહીં. ભારત પર આની શું અસર પડશે કે પડે છે એ વિષે વાત કરીએ તો કાર્બન ઉત્સર્જનના મામલે આપણે ચીન અને અમેરિકા પછી ત્રીજા નંબરે છીએ અને આ રિપોર્ટમાં જળવાયુ પરીવર્તનની અસરો જેના પર વધુ પડશે એવા દેશોની યાદીમાં સાતમા નંબરે. વધતાં તાપમાનને લીધે ભારતના મેદાની પ્રદેશોમાં ભયંકર ગરમી પડી શકે છે. ભારત આમ પણ દુનિયામાં ઝડપથી ઓછા થતાં જળસ્ત્રાવવાળા દેશોમાં સામેલ છે એવામાં આકરી ગરમી પાણીની તંગીની નવી મુસીબત પેદા કરશે. ભારતમાં વાર્ષિક સરેરાશ વરસાદમાં વધારો નોંધાશે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં મુશળધાર વરસાદ અને ભયાનક પૂર ની શક્યતાઓ આવનારા વર્ષોમાં જોવા મળશે. જો ગ્લોબલ વોર્મિંગને લીધે સમુદ્રનું સ્તર ૫૦ સેમી જેટલું વધશે તો મુંબઈ, કલકત્તા, ચેન્નઈ જેવા શહેરો પાણીમાં ડૂબી શકે છે. માલદીવ જેવા નાના દેશો તો આની ચિંતા અગાઉ બતાવી ચૂક્યા છે. બીજું કે ભારતમાં દુનિયાના ૧૦ માથી છ સૌથી પ્રદુષિત શહેરો છે અને દુનિયાનો ત્રીજા નંબરનો મીથેન ઉત્પાદન કરતો દેશ છે. હિન્દુ-કુશના ગ્લેશિયરો બહુ જલ્દી ઓગળી રહ્યા છે. આ આવનારી આપતીથી બચવા ભારતે કોલસા થી ઉત્પાદિત વીજળી વ્યવસ્થા બંધ કરવી રહી એટલું જ નહીં પણ ઈલેક્ટ્રીક વાહનોના વધુ વપરાશ પર જોર આપવું પડશે અને સાથે સાથે મીથેન ઉત્પાદન પર કાબૂ મેળવવો પડશે અને હ પ્રદૂષણ ઓછું થાય એ અને પર્યાવરણીય અનુકૂળ જીવનશૈલી અને રહેણીકરણી પણ એટલી જ જરૂરી બની રહેશે. સાથે સાથે કુદરતી સંશાધનોનો સમજીને ઉપયોગ કરવો પણ અગત્યનું છે. આખીએ દુનિયા પોતપોતાની રીતે આવનારી આ આપતીને ટાળવાની કે એનો મુકાબલો કરવાની કોશીશોમાં છે એવામાં કલાઈમેટ ચેન્જનો આ રાક્ષસ આપણી આવનારી પેઢીઓને તબાહ કરી નાખે એ પહેલા જાગવું જરૂરી છે.